# અરવલ્લીવાસીઓ આનંદો સિવિલનું સપનું સાકાર થશે

## મોડાસાના પાલનપુર ગામ નજીક નવિન જગ્યાની ફાળવણી કરાઈ

મોડાસા, તા. ૧૧

સમગ્ર દેશ અને રાજયામાં કોરોનાની મહામારીને કારણે આધુનિક સારવાર માટે હોસ્પિટલ આશીર્વાદ સમાન નિવડી છે, પરંતુ અરવલ્લી જિલ્લાને અસિતત્વમાં આવ્યા બાદ પોતાની હોસ્પિટલ ન હતી, પરંતુ અરવલ્લીવાસીઓનું સપનું ટુંક સમયમાં જ સાકાર થનાર છે.

જિલ્લાવાસીઓની ઘણા લાંબા સમયથી સિવિલ હોસ્પિટલની માંગ હતી. કારણ કે જિલ્લાના આદિજાતી ધરાવતી ભિલોડા અને મેઘરજના ગરીબ લોકોને ખાનગી હોસ્પિટલનીમાં મોંઘી સારવાર પરવડે તેમ ન હતી જો સિવિલ હોસ્પિટલનું નિર્માણ થાય તો જરૂીયાતમંદ લોકોને વિનામૂલ્યે સારવાર થઈ શકે.

જેને લઈ જિલ્લાના મોડાસાના પાલપુર ગામે સિવિલ બનાવવા માટે જમીન ફાળવવામાં આવી છે. આ અંગે વાત કરતા જિલ્લા કલેકટર અમૃતેશ ઔરંગબાદકરે જણાવ્યું હતુ કે મોડાસાના પાલનપુર ગામે ત્રણ હેકટરથી વધુ જમીન ફાળવવામાં આવી છે જે જમીનની માપણીની કામગીરી પૂર્ણ કરવામાં આવી છે. જે જમીનના કબ્જાની સોંપણી પણ આરોગ્ય વિભાગને સુપરત કરવામાં આવ્યો છે. જેની બાંધકામ અંગે ટૂંક સમયમાં ટેન્ડરીંગ પ્રકિયા હાથ ધરવામાં આવશે જેનાથી અરવલ્લીવાસીઓને ટૂંક સમયમાં જ આરોગ્ય સુખાકારીમાં વધારો થશે.



## ધનસુરા સ્વામિનારાયણ મંદિરમાં સૂકા મેવાનો હિંડોળો

શ્રાવણ માસમાં મંદિરોમાં વિવિધ હિંડોળા ભરવામાં આવતા હોય છે. ત્યારે ધનસુરામાં આવેલા સ્વામિનારાયણ મંદિરમાં સૂકા મેવાનો હિંડોળો ભરવામાં આવ્યો હતો. ધનસુરા સ્વામિનારાયણ મંદિરમાં કાજુ બદામ જેવા સૂકા મેવાના હિંડોળા ભક્તો તરફથી રાખવામાં આવ્યા હતા. મંદિરના પરેશ ભગત અને ભક્તોએ સુંદર હિંડોળા બનાવ્યા હતા. ભક્તોએ આ હિંડોળાના દર્શન કર્યા હતા.

# ભિલોડા ગ્રામ પંચાયત મત વિસ્તારના વર્ષો જુના પ્રાણ પ્રશ્નો હલ કરવા સંદર્ભે સરપંચને આવેદનપત્ર

ભિલોડા, તા.૧૧

ભિલોડા ગ્રામ પંચાયત મત વિસ્તારના વર્ષો જુના પ્રાણ પ્રશ્નો હલ કરવા સંદર્ભે સરપંચ અંબિકાબેન ગોરધનભાઈ ગામેતીને સામાજીક આગેવાનો, જાગૃત ગ્રામજનો ધ્વારા આવેદનપત્ર



અપાયું હતું. ભિલોડા ગામ યુવા સેવક સમિતિ, ભીખાભાઈ સી. ભાટીયા, પુર્વ સરપંચ, મુકેશભાઈ ત્રિવેદી, હરેશભાઈ ભાટીયા, રાજેશભાઈ પંડ્યા, કલ્પેશભાઈ ચૌહાણ, હિરેનભાઈ રાવલ, હરિઓમ પંડ્યા, કિરણભાઈ પટેલ, રાજકીય સામાજીક આગેવાનો, વેપારીઓ અને જાગૃત ગ્રામજનો ધ્વારા વર્ષો જુના પ્રાણ પ્રશ્નો અંગે સરપંચ સમક્ષ ધારદાર રજુઆત કરાઈ હતી.

ભિલોડામાં વૈજનાથ મહાદેવ મંદિર પાસે હાથમતી નદીનો કોઝ-વે મંજુર થયેલ હોવા છતાં કામકાજ બંધ અવસ્થામાં છે. કોઝ-વેનું કામકાજ સત્વરે શરૂ કરાવવું, સરકારે કરોડો રૂપિયાના ખર્ચે ભિલોડામાં ગટર લાઈન બનાવેલ છે પરંતુ કામકાજ પુર્ણ ન થતા ગામનું ગંદુ પાણી હાથમતી નદીમાં ઠલવાઈ રહ્યું છે ત્યારે ભુગર્ભ ગટર લાઈનનું કામકાજ પુર્ણ કરવા અનુરોધ કર્યો હતો. (૨) ભિલોડામાં ઠેર-ઠેર આર.સી.સી. રોડ દયનીય હાલતમાં છે. ઉબડખાબડ રસ્તાઓના કારણે વાહનચાલકોને અવરજવરમાં કરવામાં ભારે મુશ્કલીનો સામનો કરવો પડી રહ્યો છે. (૩) કોરોના વાઈરસની મહામારી વચ્ચે ગામમાં અસહ્ય ગંદકીનું પ્રમાણ વધ્યું હોવાના કારણે લોકોના આરોગ્ય સાથે રીતસરના ચેંડા થઈ રહ્યા છે. (૪) ચોમાસાની સિઝન દરમ્યાન સ્ટ્રીટ લાઈટો ઠેર-ઠેર બંધ હાલતમાં હોવાથી ચોરીઓનું પ્રમાણ વધ્યું છે. સ્ટ્રીટ લાઈટ ન હોવાના કારણે અસામાજીક તત્વોને મોકળું મેદાન મળ્યું છે. અંદાજીત ૨૦,૦૦૦ થી વધુ વસ્તી ધરાવતું ગામ હોવા છતાં સી.સી. ટીવી. કેમેરા શોભાના ગાંઠીયા સમાન હોઈ ચોરીઓનો ઉપદ્રવ વધ્યો છે ત્યારે ઉચ્ચ ક્વોલીટીના સી.સી. ટી.વી. કેમેરા મુકવા જોઈએ તેવો સુર ગ્રામજનોએ વ્યક્ત કર્યો હતો. (૫) એક માત્ર પંચવટી બગીચો હોઈ પરંતુ ચાર વર્ષથી કોઈ પણ જાતનો વિકાસ કર્યો નથી ? (૬) ગ્રામ પંચાયત વિસ્તારમાં પાણીની ટાંકીઓ, પાઈપ લાઈનનું કામકાજ પુર્ણ થયેલ હોઈ અને હાઉસ કનેકશન અપાયેલ હોવા છતાં ક્યા કારણોસર હજુ સુધી પીવાનું પાણી શરૂ કરાયેલ નથી ? અમુક વિસ્તારોમાં કનેકશનો આપવાના બાકી હોઈ સત્વરે કનેકશન આપવા આવશ્યક છે. (૭) માલાવાવ વિસ્તારનું ગંદુ પાણી માલાવાવ વાંઘા વિસ્તારમાં ભરાય છે તો તેનો યોગ્ય નિકાલ કરવા સંદર્ભે ભાર મુક્યો હતો.

# અરવલ્લીના ૨૫ ગામોની બહેનો બાળપોષણ દિનના વેબીનારમાં જોડાઈ

## એથ્લેટીક્સ સરિતા ગાયકવાડે ૧૮૧ અભયમની બહેનોને માર્ગદર્શન આપ્યુ

મોડાસા, તા. ૧૧

સમગ્ર રાજયમાં મહિલા સશક્તિકરણની ઉજવણી કરવામાં આવી રહી છે જે અંતર્ગત



સોમવારના રોજ બાળપોષણ દિન ઉજવાયો હતો જેમાં અરવલ્લીના ૨૫ ગામોની બહેનો જોડાઈ હતી.

વેબીનારના માધ્યમથી યોજાયેલ કાર્યક્રમમાં મહિલા અને બાળ કલ્યાણ મંત્રી વિભાવરીબેન દવેએ મહિલાલક્ષી રાજ્ય સરકારની યોજનાઓ વિશે સમજ આપી આપી હતી. તેમણે અભયમ ૧૮૧મહિલા હેલ્પલાઈનની રેસ્કયુ સર્વિસને બિરદાવતા જણાવેલ કે ૨૪૮૭ કલાક કાર્ય કરતા કાઉન્સલર મુશ્કેલીમાં મુકાયેલ મહિલાઓને ત્વરિત મદદ, માર્ગદર્શન અને સહાય પહોંચાડે છે. રાજ્ય સરકારશ્રીએ પણ મહિલાલક્ષી કાર્યક્રમોને અગ્રીમતા આપી છે અને જરૂરિયતમંદ મહિલાઓ, યુવતીઓએ પોતાના શિક્ષણ, આરોગ્ય, સ્વરોજગારી માટે લાભ લઈ આત્મનિર્ભર બન્યા છે.

આ ઉપરાંત એથ્લેટીક્સ સરિતા ગાયકવાડે વેબિનારના માધ્યમથી અભયમ ટીમને માર્ગદર્શન આપતાં જણાવેલ કે મનોબળ મક્કમ હોય, મહેનત અને લગન હોય અને ધ્યેય નક્કી કરવામાં આવે તો કોઈ પણ કાર્ય સિદ્ધ થઈ શકે છે. તેઓએ શરૂઆતના પરિશ્રમથી સ્ટ્રગલ કરી અને એશિયન ગેમમાં ગોલ્ડ મેડલ હાંસલ કર્યો ત્યાં સુધીની રૂપરેખા આપી સૌને પ્રોત્સહિત કર્યા હતા. તેમણે અભયમ ૧૮૧ મહિલા હેલ્પલાઈન ધ્વારા ૨૪૮૭ પીડિત મહિલાઓને મદદ, માર્ગદર્શન અને બચાવ કરવામાં આવી રહેલ કામગીરીને બિરદાવી હતી. વેબીનારમાં હેલ્પલાઈનના કાઉન્સિલર તેમજ ગ્રામ્ય વિસ્તારના બહેનો દ્વારા પ્રશ્નોત્તરી કરી ઈન્ટરેકટિવ સેશનમાં જોડાઈ હતી.

# કોરોનાને લીધે અંબાજીનો ૧૫૦ વર્ષ જૂનો ભાદરવી પૂનમનો મેળો રદ

## મેળો ૨૭ ઓગસ્ટથી ૨ સપ્ટેમ્બર સુધી યોજાવાનો હતો : રાજ્ય અને કેન્દ્ર સરકારની ગાઈડ લાઈનને ધ્યાનમાં રાખીને મેળો રદ કરવામાં આવ્યો છે : ટ્રસ્ટના ચેરમેન સંદીપ સાગલે

પાલનપુર, તા.૧૧

કોરોના મહામારીને કારણે ૧૫૦ વર્ષ જૂનો અંબાજી ભાદરવી પૂનમનો મહામેળો રદ કરવામાં આવ્યો છે.બનાસકાંઠા જિલ્લા કલેક્ટર કમ અંબાજી દેવસ્થાન ટ્રસ્ટના ચેરમેન સંદીપ સાગલે સોમવારે જણાવ્યું હતું કે, કેન્દ્ર તેમજ રાજ્ય સરકાર દ્વારા જારી કરવામાં આવેલા માર્ગદર્શિકાને ધ્યાનમાં રાખીને મેળો રદ કરવામાં આવ્યો છે. ભાદરવી પૂર્ણિમાનો મહામેળો ૨૭ ઓગસ્ટથી ૨ સપ્ટેમ્બરના સમયગાળામાં યોજાનાર હતો. જેમાં દર વર્ષે આશરે ૨૫ લાખથી વધુ યાત્રાળુઓ ગુજરાત તથા બહારના રાજયોમાંથી દર્શનાર્થે આવે છે. કલેક્ટરે જણાવ્યું કે, 'આટલા મોટા સામાજિક મેળાવડામાં સોશિયલ ડિસ્ટન્સિંગ જાળવવું ઘણું મુશ્કેલ છે. વળી, રાજ્ય સરકાર તરફથી મળેલા નિર્દેશો ખૂબ સ્પષ્ટ છે કે કોરોનાના સંક્રમણનું જોખમ વધારે હોય ત્યારે વર્તમાન રોગચાળાની પરિસ્થિતિને કારણે આવા મોટા



ધાર્મિક અને સામાજિક મેળાવડાંને મંજૂરી આપી શકાતી નથી. ભાદરવી પૂનમ જે દેવી અંબાના અવતાર દિવસ તરીકે પણ ઉજવવામાં આવે છે. ૧૫૦ વર્ષ જૂનો આ ધાર્મિક મેળો પરંપરાગત રીતે ઉજવવામાં આવે છે. જે દરમિયાન દેશભરમાંથી લાખો ભક્તો દેવી અંબાને પ્રાર્થના કરવા મંદિરના નગરમાં ઉમટે છે. ત્યારબાદ નવરાત્રી દરમિયાન દેવીને ગરબા રમવા માટે આમંત્રણ આપવા માટે ઘણા ભક્તો પવિત્ર મંદિરમાં પગપાળા કરે છે. અગાઉ, કોરોના મહામારીને કારણે ટેમ્પલ ટાઉન દ્વારકામાં જન્માષ્ટમીની ઉજવણી રદ કરવામાં આવી હતી. જણાવી દઈએ કે, દર વર્ષે જન્માષ્ટમીના દિવસે દ્વારકાધીશના મંદિરમાં લાખો શ્રદ્ધાળુઓ ઉમટે છે.

## અરવલ્લી એલસીબી પોલીસે શણગાલ ચોકડી નજીક

# સીલેરીઓ કારમાંથી દારૂ સાથે ખેડા જિલ્લાના બે બુટલેગરોને દબોચ્યા

અરવલ્લી જીલ્લા પોલીસતંત્ર નવનિયુક્ત એસપી સંજય ખરાટના આગમન પછી ગતિશીલ બન્યું હોય તેમ સતત વિદેશી દારૂ, જુગારીઓ, નાસતા



ફરતા આરોપીઓને દબોચી રહી છે. જીલ્લામાં હાલ તો અસામાજીક પ્રવૃતિઓ પર બ્રેક લગાવવામાં જીલ્લા પોલીસતંત્ર વાયબ્રન્ટ લાગી રહ્યું છે. બુટલેગરો અંતરિયાળ માર્ગોનો ઉપયોગ કરી રાજયમાં વિદેશી દારૂ ઠાલવવા પ્રયત્નશીલ બન્યા છે. ત્યારે જીલ્લા એલસીબી પોલીસે ઈસરી પોલીસને ઉંઘતી રાખી શણગાલ ચોકડી નજીકથી સીલેરિયો કારમાં વિદેશી દારૂ ખેડા જીલ્લામાં પગ કરી જાય તે પહેલા બે બુટલેગરોને ૩૭ હજારના વિદેશી દારૂ સાથે ઝડપી પાડી જેલના સળિયા પાછળ ધકેલી દીધા હતા.

અરવલ્લી જીલ્લા એલસીબી પીઆઈ આર.કે. પરમાર અને તેમની ટીમે જીલ્લામાં બુટલેગરો અને જુગારિયો પર તવાઈ બોલાવી છે. એલસીબી પોલીસે ઈસરી પોલીસ સ્ટેશન હદ વિસ્તારમાં આવેલી શણગાલ ચોકડી નજીક વાહનોનું સઘન ચેકીંગ હાથ ધરતા રાજસ્થાન તરફથી પૂર ઝડપે આવતી સીલેરિયો કાર (ગાડી.નં. પીબી૦૮.ડીઆર.૬૪૮૫)ને અટકાવી તલાસી લેતા કારમાં પાછળના ચાના પેકેટની આડમાં સંતાડેલ વિદેશી દારૂ બોટલ નંગ-૭૪ કી. રૂ.૩૭૨૦૦નો જથ્થો જપ્ત કરી જયેશ ફુલસિંહ ગઢવી અને વિક્રમ કોદરભાઈ વાઘેલા (બંને રહે. ચારણના મુવાડા-ખેડા)ને ઝડપી પાડી સીલેરિયો કાર, મોબાઈલ, ચાના પેકેટ મળી કુલ રૂ.૩૫૦૯૩૫ નો મુદ્દામાલ જપ્ત કરી બંને બુટલેગરોને જેલના સળિયા પાછળ ધકેલી દઈ કારમાં વિદેશી દારૂ ભરી આપનાર રાજસ્થાનનો કુખ્યાત બુટલેગર ભરત ઉર્ફે ભરત લંગડો ભુરો ઉદાજી ડાંગી, અંતોષ ઉર્ફે આશુતોષ દેવીલાલ રોત તથા ઠેકા પર રહેલો સોનુ નામના માણસ વિરુદ્ધ પ્રોહિબિશન એક્ટ ગુન્હો નોંધી ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા.

## ક્યા જિલ્લામાં કેટલા કેસ

| શહેર | કેસ | મૃત્યુ | ડીસ્ચાર્જ |
|---|---|---|---|
| અમદાવાદ | ૨૮૧૯૨ | ૧૬૪૧ | ૨૨૮૧૬ |
| સુરત | ૧૫૬૯૭ | ૫૨૫ | ૧૨૧૮૩ |
| વડોદરા | ૫૮૩૧ | ૧૦૪ | ૪૫૦૪ |
| રાજકોટ | ૨૭૮૯ | ૪૯ | ૧૫૨૯ |
| ગાંધીનગર | ૧૭૮૩ | ૪૭ | ૧૪૮૨ |
| ભાવનગર | ૧૯૧૧ | ૩૦ | ૧૪૮૧ |
| કચ્છ | ૭૮૨ | ૨૪ | ૪૬૫ |
| મહેસાણા | ૧૧૮૪ | ૨૪ | ૬૪૩ |
| ગીર-સોમનાથ | ૬૦૫ | ૦૫ | ૪૩૫ |
| પોરબંદર | ૧૬૫ | ૦૪ | ૧૦૬ |
| પંચમહાલ | ૭૪૩ | ૧૭ | ૪૪૩ |
| પાટણ | ૭૧૫ | ૩૪ | ૬૪૫ |
| છોટાઉદેપુર | ૧૯૫ | ૦૨ | ૧૭૭ |
| જામનગર | ૧૧૯૧ | ૨૧ | ૮૭૧ |
| મોરબી | ૪૫૫ | ૦૮ | ૩૧૬ |
| સાબરકાંઠા | ૫૫૦ | ૦૮ | ૪૦૧ |
| આણંદ | ૫૭૮ | ૧૪ | ૫૨૬ |
| દાહોદ | ૭૯૮ | ૦૫ | ૪૯૧ |
| ભરૂચ | ૧૧૦૫ | ૧૧ | ૮૫૨ |
| બનાસકાંઠા | ૮૦૩ | ૧૬ | ૭૯૭ |
| ખેડા | ૭૫૬ | ૧૫ | ૬૪૫ |
| બોટાદ | ૩૫૯ | ૦૫ | ૨૪૭ |
| નર્મદા | ૪૪૭ | ૦૦ | ૩૬૮ |
| અરવલ્લી | ૩૩૨ | ૨૪ | ૨૮૩ |
| મહીસાગર | ૪૪૦ | ૦૨ | ૩૩૧ |
| નવસારી | ૬૭૨ | ૦૭ | ૫૨૩ |
| તાપી | ૧૮૭ | ૦૨ | ૧૫૨ |
| વલસાડ | ૮૧૩ | ૦૮ | ૬૬૧ |
| જૂનાગઢ | ૧૨૨૦ | ૨૩ | ૯૬૧ |
| સુરેન્દ્રનગર | ૯૬૯ | ૦૮ | ૬૦૪ |
| દેવભૂમિ દ્વારકા | ૯૫ | ૦૪ | ૫૬ |
| ડાંગ | ૩૦ | ૦૦ | ૨૧ |
| અમરેલી | ૭૩૧ | ૧૨ | ૪૦૬ |
| કુલ | ૭૩૨૩૮ | ૨૬૯૭ | ૫૬૫૧૬ |

# તપોવન સર્કલ પાસે બાંધકામ સાઈટ પર પતિ-પત્નિનો દવા પી આપઘાત

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગર-અમદાવાદ માર્ગ પર તપોવન સર્કલ નજીક આવેલી બાંધકામ સાઈટ પર કામ કરતા દંપતિએ કોઈ કારણોસર ઝેરી દવા પીધી હતી. બંનેના મોંઢામાંથી ફીણ નીકળતા સ્થાનિક નાગરીકો દોડી આવતા સારવાર માટે ગાંધીનગર સિવિલ ખસેડ્યા હતા.જયાં સારવાર દરમિયાન પતિ-પત્નિનું મૃત્યું નિપજયુ હતું. અડાલજ પોલીસે મૃતદેહનું પીએમ કરાવી અકસ્માતે મોતની નોંધ કરી આગળની તપાસ હાથ ધરી છે.

તપોવન સર્કલ પાસે આસ્થા બાંધકામ સાઈટ પર મુળ બિહારના વતની વિનોદકુમાર હરમનસિંહ કોરાઈ (ઉં.૨૮) અને તેમની પત્ની સોનીકુમારી વિનોદકુમાર કોરાઈ (ઉં.૨૪) વેલ્ડીંગનું કામ કરતા હતા. સોમવારના રોજ સવારે દંપતિએ કોઈ કારણોસર ઝેરી દવા ગટગટાવી લીધી હતી. થોડીવારમાં બંનેના મોંઢામાંથી ફીણ નીકળતા સાઈટ પરના નાગરીકો દોડી આવ્યા હતા અને સારવાર માટે ગાંધીનગર હોસ્પિટલ દાખલ કર્યા હતા.જયા સારવાર દરમિયાન પતિ પત્નીનું મૃત્યું થયું હતું. મળતી માહિતી પ્રમાણે બંનેના લગ્ન દોઢ માસ પહેલા જ થયા હતા. સાઈટ પર મૃતકનો નાનો ભાઈ પણ કામ કરે છે. જયારે દંપતિએ દવા પીધી ત્યારે તે ફોન પર વાત કરવા માટે બહાર ગયો હતો.જેને પગલે અડાલજ પોલીસે સમગ્ર મુદ્દે મૃતકના ભાઈનું વિગતવાર નિવેદન લેવાની તજવીજ હાથ ધરી છે.

### વેક્સિન લોંચ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

વિશ્વમાં પહેલી વખત કોરોનાવાયરસથી બચાવ માટે એક વેક્સિન રજીસ્ટર્ડ કરાવી લેવામાં આવી છે. પુતિને સ્વાસ્થ્ય મંત્રી મિખાઈલ મુરાશકોને આ મામલે વિસ્તૃત જાણકારી આપવા માટે કહ્યું છે. મુરાશકોએ કહ્યુંહતું, મને જાણકારી આપવામાં આવી છે કે આપણી વેક્સિન સારા પ્રભાવ સાથે કામ કરે છે અને સારી ઈમ્યુનિટિ પેદા કરે છે. તેના માટે જરૂરી બધા ટ્રાયલ પૂર્ણ કરવામા આવ્યા છે.

### ભારતને પણ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

કહ્યું કે કિંમતનો ખુલાસો બે મહિનામાં કરવામાં આવશે. પુણે સ્થિત સીરમ ઈન્સ્ટિટ્યૂટ એસ્ટ્રાજેનેકાની કોરોના વેક્સીન બીજા અને ત્રીજા ચરણના ક્લીનિકલ ટ્રાયલ પણ કરી રહી છે. હાલમાં કંપનીને ભારતના દવા નિયામકથી આ પરીક્ષણ કરવાની મંજૂરી મળી હતી.

૯૨ દેશોને આપવામાં આવશે વેક્સીન સીરમ ઈન્ટિષ્ટ્યૂટ ઓફ ઈન્ડિયા ભારતમાં તેને કોવિશીલ્ડના નામથી લૉન્ચ કરશે. સીરમ ઈન્સ્ટિટ્યૂટે ભારત અને અન્ય દેશો માટે નોવોવેક્સ વેક્સીનના ૧૦ કરોડ ડોઝનું ઉત્પાદનનું લક્ષ્ય રાખ્યું છે. કંપનીએ કહ્યું છે કે કંપની ગવીના કોવૈક્સ એડવાન્સ માર્કેટ કમિટમેન્ટ હેઠળ દુનિયાના ૯૨ દેશોને વેક્સીન ઉપલબ્ધ કરાવશે. ગવી કાવૈક્સ ફેસિલિટીનું નેતૃત્વ કરે છે, જેની રચના સમગ્ર દુનિયામાં કોરોનાની વેક્સીનને સૌથી વધુ અને નિષ્પક્ષ રીતે પહોંચાડવા માટે કરવામાં આવે છે.

### મોદીની ટકોર... ● અનુસંધાન પહેલાનું ચાલુ

ભય પણ ઓછો થયો છે. આપણે મૃત્યુ દરને એક ટકા કરતા પણ નીચે લઈ જવાનો જે લક્ષ્ય રાખ્યો છે તેને હાંસલ કરવા પ્રયત્ન કરો. ઉપરાંત વડાપ્રધાને આરોગ્ય સેતુ એપ્લિકેશનની પ્રશંસા પણ કરી હતી. તેમણે જણાવ્યું કે એપની મદદથી સંક્રમિત દર્દીઓને ટ્રેક કરવામાં મદદ મળી રહી છે. ૭૨ કલાકમાં બીમારીની જાણ થઈ જાય તો જોખમ ઘટી જાય છે. વડાપ્રધાને કહ્યું કે, આજે ૮૦ ટકા એક્ટિવ કેસ ૧૦ રાજ્યોમાંથી છે અને માટે કોરોના સામેની લડાઈમાં આ રાજ્યોની ભૂમિકા ખૂબ મોટી છે. આજે દેશમાં એક્ટિવ કેસની સંખ્યા ૬ લાખને પાર થઈ ગઈ છે. જે રાજ્યોમાં ટેસ્ટિંગ રેટ ઓછો છે અને જ્યાં પોઝિટિવિટી રેટ વધારે છે ત્યાં ટેસ્ટિંગ વધારવાની જરૂર સામે આવી છે. ખાસ કરીને બિહાર, ગુજરાત, યુપી, પશ્ચિમ બંગાળ અને તેલંગાણામાં ટેસ્ટિંગ વધારવા ભાર આપવાની વાત આ સમીક્ષામાં નીકળી છે.

### પિતાની સંપત્તિમાં... ● અનુસંધાન પહેલાનું ચાલુ

પિતાના મૃત્યુ સાથે તેને કોઈ લેવા-દેવા નથી. જો પિતા ૯ સપ્ટેમ્બર ૨૦૦૫ના રોજ જીવતા નહોતા તો પણ દિકરીને તેની પૈતૃક સંપત્તિમાં અધિકાર મળશે. એટલે કે ૯ સપ્ટેમ્બર ૨૦૦૫ની પહેલાં પણ પિતાનું મોત થવા છતાંય દીકરીનો હમવારિસ થવાનો અધિકાર છીનવાશે નહીં.

સુપ્રીમ કોર્ટે પોતાના ચુકાદા દ્વારા સ્પષ્ટતા કરી દીધી છે કે ૯ સપ્ટેમ્બર ૨૦૦૫ની પહેલાં જો કોઈ પિતાનું મૃત્યુ થઈ ગયું હોય તો પણ દિકરીઓને સંપત્તિમાં દિકરાની બરાબર હિસ્સો મળશે. સુપ્રીમ કોર્ટની ટિપ્પણી અગત્યની છે કે દિકરીઓ આખી જિંદગી માતા-પિતાને પ્રેમ કરનારી હોય છે. એક દિકરી પોતાના જન્મથી મૃત્યુ સુધી માતા-પિતા માટે પ્યારી દિકરી હોય છે. જ્યારે વિવાહ બાદ દિકરાઓની નિયત અને વ્યવહારમાં ફેરફાર આવે છે પરંતુ દિકરીઓની નિયતમાં નહીં. વિવાહ બાદ પણ દીકરીઓનો પ્રેમ માતા-પિતા માટે વધુ વધી જાય છે.

### શ્રાવણિયો વરસાદ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આજે પણ દિવસ દરમિયાન વરસાદી નઝારો નિખર્યો હતો. જયારે બપોરના સમયે ઝરમર વરસતા વાદળોના લીધે વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી. દિવસ દરમિયાન ઝરમરિયા અને રીમઝીમ વરસાદના લીધે સતત ભીંજારાનો માહોલ જોવા મળી રહ્યો છે. વરસાદી સિઝન નિખરતા સેકટરોમાં કાદવ કિચ્ચડ વચ્ચે ગંદકીની સમસ્યા પેચીદી બનતી જાય છે. જયારે વરસતા વરસાદ વચ્ચે સ્ટ્રીટ લાઈટો પણ ડુલ રહેતા રાત્રિના સમયે છેવાડાના ગામડાની જેમ સેકટરોમાં પણ રાહદારીને દિશા સુઝે નહી તેવી સ્થિતિ સર્જાઈ છે. એકબાજુ સ્ટોર્મ વોટર લાઈનના ખોદકામના લીધે ઠેર ઠેર મોતના કુવા ઉભા થયા છે. ત્યારે સ્માર્ટ સીટીમાં રહેતા નાગરિકોની સલામતી સામે પણ મોટો સવાલ મંડરાયો છે.

### ૪ને કોરોના... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

રિપોર્ટ પણ પોઝીટીવ આવ્યો છે. આ યુવા વિદ્યાર્થીને સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. તંત્રએ આ વિદ્યાર્થીના પરિવારના ૩ સભ્યોને હોમ ક્વોરોન્ટાઈન કર્યા છે. થર્મલ પાવર સ્ટેશનમાં ઈજનેર તરીકે સેવાઓ આપતા અને સે. ૧૯ માં રહેતા એક ૫૦ વર્ષીય અધિકારીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. સે. ૧૯ માં થોડા સમય પછી પાછો કોરોનાએ દેખાડો દેતાં તંત્રની ચિંતામાં વધારો થયો છે. આ સેક્ટરને વી.આઈ.પી. સેક્ટર ગણવામાં આવે છે. આ ઈજનેરે હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. તંત્રએ તેમના પરિવારની એક વ્યક્તીને હોમ ક્વોરોન્ટાઈન કરેલ છે. સે. ૨૪ માંથી એક ૨૪ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તંત્રએ આ દર્દીના પરિવારના ૪ સભ્યોને હોમ ક્વોરોન્ટાઈન કર્યા છે. સે. ૧૭ માંથી એક ૬૦ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ગૃહણીને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. તંત્રએ આ ગૃહીણીના પરિવારના ૩ સભ્યોને હોમ ક્વોરોન્ટાઈન કર્યા છે. કલોલ તાલુકાના છત્રાલ ખાતે આવેલ ફાર્માસ્યુટીકલ કંપનીનો એક કર્મચારી જે સે. ૨૭ માં રહે છે તેનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. ૪૫ વર્ષીય આ દર્દીને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. આ દર્દીના પરિવારના ૬ સભ્યોને તંત્રએ હોમ ક્વોરોન્ટાઈન કર્યા છે. શહેરમાં આજે વધુ ૯ દર્દીઓ રિકવર થઈ જતાં તેમને હોસ્પિટલમાંથી ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. શહેરમાં નોંધાયેલા ૫૮૩ દર્દીઓ પૈકી ૪૬૬ દર્દીઓને અત્યાર સુધીમાં ડિસ્ચાર્જ આપી દેવામાં આવ્યું છે. હાલ ૧૦૩ જેટલા દર્દીઓની એકટીવ કેસ તરીકે સારવાર ચાલુ છે. આજે શહેરમાં વધુ ૩૭૫ લોકોને હોમ ક્વોરોન્ટાઈન કરવામાં આવ્યા છે. ૩૧૫ લોકો હોમ ક્વોરોન્ટાઈન છે તો ૬૦ લોકોને સરકારી ફેસીલીટી સેન્ટરમાં ક્વોરોન્ટાઈન કરવામાં આવ્યા છે.

### વધુ ૨૧ કેસ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ભારે મૌન સેવવામાં આવી રહ્યુ છે. તંત્રએ આજે એક અખબારી યાદીમાં આ કેમ્પમાં આવેલા લોકોને ગાઈડલાઈન મુજબ સારવાર આપવામાં આવી હોવાનું જણાવાયું છે. આજે જિલ્લામાં જે ૨૧ કેસ નોંધાયા છે તેમાં ગાંધીનગરમાં ૧૧, માણસામાં ૩, દહેગામમાં ૨ અને કલોલમાં પાંચ કેસનો સમાવેશ થાય છે.

મળતી વિગતો પ્રમાણે ગાંધીનગર શહેરને અડીને આવેલ વાવોલ ગામેથી આજે બે કેસ મળી આવ્યા છે. જેમાં એક ૪૨ વર્ષીય પુરૂષ, ૩૫ વર્ષીય પુરૂષનો સમાવેશ થાય છે. કોલવડામાંથી પણ એક ૫૨ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. કોલવડામાં થોડા દિવસ બાદ પુનઃ કોરોનાએ દેખા દીધી છે. અડાલજમાંથી પણ આજે વધુ બે કેસ મળ્યા છે. જેમાં એક ૨૩ વર્ષીય યુવાન અને ૫૦ વર્ષીય પુરૂષનો સમાવેશ થાય છે. કુડાસણમાંથી પણ બે કેસ મળી આવ્યા છે. જેમાં એક ૬૧ વર્ષીય પુરૂષ અને ૨૪ વર્ષીય યુવાનનો સમાવેશ થાય છે. પેથાપુરમાંથી એક ૩૦ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. જ્યારે ઉવારસદમાંથી ૪૮ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. સરગાસણ ગામેથી આજે એક ૧૦ વર્ષીય બાળક અને ૩૮ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. માણસા તાલુકામાંથી આજે ૩ કેસ મળ્યા છે. જેમાં એક અર્બન વિસ્તારમાંથી અને બે ગ્રામ્ય વિસ્તારમાંથી મળ્યા છે. આ ત્રણેય દર્દીઓને સારવાર માટે ગાંધીનગર સિવિલમાં મોકલવામાં આવ્યા છે. દહેગામમાંથી આજે બે કેસ મળ્યા છે. એક શબ્દલપુર ગામનો છે જેને સારવાર માટે હિંમતનગર દાખલ કરવામાં આવેલ હોવાનું જાણવા મળેલ છે જ્યારે બીજો એક સાંપા વિસ્તારમાંથી મળ્યો છે જે દર્દીને સારવાર માટે ગાંધીનગર સિવિલમાં દાખલ કરવામાં આવેલ છે. કલોલમાંથી આજે પાંચ કેસ મળી આવ્યા છે. આ પાંચેય કેસ કલોલ અર્બન વિસ્તારના છે. મળતી વિગતો પ્રમાણે કલોલમાંથી આજે બે મહિલા દર્દીઓ સાથે પાંચ કેસ નોંધાયા છે. તેમાં અર્બન-૧ વિસ્તારમાંથી ૩ કેસ અને અર્બન-૨ વિસ્તારમાંથી બે કેસ છે. અર્બન-૧ વિસ્તારમાંથી ૩૫ વર્ષીય પુરૂષ, ૪૯ વર્ષીય મહિલા અને ૩૪ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. જ્યારે અર્બન-૨ વિસ્તારમાંથી એક ૭૫ વર્ષીય પુરૂષ અને ૪૫ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. જિલ્લાતંત્રના સૂત્રોએ જણાવ્યુ છે કે જિલ્લાના ગ્રામ્ય વિસ્તારના આજે વધુ ૨૮ દર્દીઓ રિકવર થતાં તેમને હોસ્પિટલમાંથી ડિસ્ચાર્જ આપવામાં આવ્યુ છે. આ સાથે જિલ્લામાં અત્યાર સુધીમાં ૧૦૨૮ દર્દીઓ રિકવર થઈ ગયા છે. આ સૂત્રોએ જણાવ્યુ છે કે હાલ ૧૭૪ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. જિલ્લામાં હાલ ૧૮,૧૯૧ લોકોને ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવેલ છે.